# કાશ્મીરમાં કોંગ્રેસ-એનસી ગઠબંધનનો અંત

## તમામ ૮૭ બેઠકો ઉપર એકલા હાથે ચૂંટણી લડવાનો કોંગ્રેસનો નિર્ણય : ટૂંકમાં જ ચૂંટણી થશે

નવીદિલ્હી, તા. ૨૦

કોંગ્રેસે જમ્મુ કાશ્મીરમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં એકલા હાથે મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. આ ઉપરાંત નવા રાજકીય સમીકરણો રચાવવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અંબિકા સોનીએ આજે કહ્યું હતું કે, પાર્ટી જમ્મુ કાશ્મીરમાં એકલા હાથે તમામ ૮૭ બેઠકો ઉપર ચૂંટણી લડશે. કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધન જાન્યુઆરી ૨૦૦૯માં મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લા હેઠળ સત્તામાં આવ્યું હતું. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ વચ્ચે ગઠબંધનનો અંત આવતા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ આને સારા સંકેત તરીકે ગણી રહ્યા છે. જો કે, કેટલાક બંને પક્ષોના નેતાઓ એમ પણ માને છે કે, બંને પક્ષોએ એક સાથે મળીને ચૂંટણી લડવી જોઇએ. બીજી બાજુ ઉંમર અબ્દુલ્લાએ



ધ્યાન દોર્યું છે કે, કોંગ્રેસ સાથે ગઠબંધનનો અંત લાવવાનો નિર્ણય તેમની પાર્ટીનો છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ ટ્વિટર ઉપર જણાવ્યું છે કે, તેઓ ૧૦ દિવસ અગાઉ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા હતા અને સંબંધોનો અંત લાવવાના તેમની પાર્ટીના નિર્ણયથી વાકેફ કરવામાં આવ્યા હતા. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો થયો હતો. મોટાભાગના રાજ્યોમાં કોંગ્રેસને વધારે બેઠકો મળી ન હતી. બીજી બાજુ ભાજપે ઇતિહાસ સર્જીને બહુમતિ મેળવી હતી. જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે આ ઘટનાક્રમને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આની દૂરગામી અસર જોવા મળી શકે છે. જમ્મુ કાશ્મીરમાં ભાજપની સ્થિતિ હાલમાં મજબૂત બની છે.

### ૨૧મી ઓગસ્ટના દિવસે બિહારમાં પેટાચૂંટણી

## જેડીયુ અને આરજેડી બિહારમાં પેટાચૂંટણી સાથે મળીને લડશે

પટણા, તા.૨૦

બિહારમાં શાસક જનતા દળ યુનાઈટેડ અને રાષ્ટ્રીય જનતા દળે બિહારમાં ૧૦ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી સાથે મળીને લડવાનો નિર્ણય કર્યો છે. આજે આ અંગેની વિધિવત જાહેરાત કરવ ામાં આવી હતી. અટકળોનો અંત લાવતા જેડીયુના રાજયપ્રમુખ વશિષ્ટ નારેનસિંહે કહ્યું હતું કે, તેમની પાર્ટી ભાજપને પછડાટ આપવા આરજેડીની સાથે મળીને વિધાનસભાની પેટાચૂંટણી લડશે. તેમણે કહ્યું હતું કે, બેઠકોની વહેંચણી અંગે નિર્ણય બંને પક્ષોના નેતાઓ દ્વારા કરવામાં આવશે. આ કોઈ મોટો મુદ્દો નથી. તેમનો ઈરાદો બિહારમાં કોમવાદી પરિબળોને પછડાટ આપવાનો છે. શનિવારના દિવસે ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે, પેટાચૂંટણી ૨૧મી ઓગસ્ટના દિવસે



યોજાશે. બિહારમાં જે ૧૦ બેઠકોમાં પેટા ચૂંટણી યોજાનાર છે તેમાં નરકટિયાગંજ, રાજનગર, જાલે, છપરા, હાજીપુર, પરબતા, ભાગલપુર, બાંકા, મોહાનિયાનો સમાવેશ થાય છે. પેટાચૂંટણીને લઈને આરજેડી અને જનતાદળ યુનાઈટેડની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં જેડીયુ અને આરજેડીનો સંપૂર્ણપણે સફાયો થયો હતો. મોદીની લહેર વચ્ચે આ બંને પક્ષોની કારમી હાર થઈ હતી. જેડીયુની કારમી હાર બાદ આની નૈતિક જવાબદારી સ્વીકારીને બિહારના મુખ્યમંત્રી તરીકે નીતિશકુમારે રાજીનામુ આપ્યું હતું. નીતિશકુમાર અને જેડીયુ તથા આરજેડીમાં ભાજપને લઈને ભારે ફફડાટની સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં બંને પક્ષો હવે પોતાની પાર્ટીની પ્રતિષ્ઠાને જાળવી રાખવા સાથે મળીને ચૂંટણી લડવાના પ્રયાસમાં છે. પેટાચૂંટણીમાં જેડીયુ અને આરજેડી હવે સાથે મળીને મેદાનમાં ઉતરશે.

## મોદીની શપથવિધી ઉપર કુલ ૧૭.૬૦ લાખ રૂપિયાનો ખર્ચ

નવી દિલ્હી,તા. ૨૦

આરટીઆઈ અરજીના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શપથ પર આશરે ૧૭.૬૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિના સચિવાલય દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે નરેન્દ્ર મોદીના શપથવિધી વેળા કેટલીક વ્યવસ્થા કરવામાં આવી હતી તેના પર ખર્ચ આશરે ૧૭.૬૦ લાખ રૂપિયા રહ્યો છે. શપથવિધીમાં ૪૦૧૭ મહેમાનો હાજર રહ્યા હતા. શપથવિધીમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ અને પડોશી દેશોના અન્ય લીડરોને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. કાર્યકર રમેશ વર્મા દ્વારા કરવામાં આવેલી આરટઆઈની અરજીના જવાબમાં માહિતી આપવામાં આવી છે કે કાર્યક્રમ વાઈઝ ખર્ચનો રેકોર્ડ રાખવમા આવતો નથી. જેથી જે વિગત માંગવામાં આવી છે તે આપી શકાય નહી.

આવી માહિતી આપવામાં આવી છે કે સંબંધિત વડાને ફાળવાથી રકમમાંથી કાર્યક્રમ પર ખર્ચ કરવામાં આવે છે. મોદીના શપથવિધી દરમિયાન કરવમાં આવેલા ખર્ચની સંપૂર્ણ વિગત માંગવામાં આવી હતી. હેડવાઈઝ વિગત માંગવામાં આવી હતી. આ ઉપરાંત શફતવિધીમાં હાજર રહેલા કુલ લોકો અંગે માહિતી મેળવવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં ૨૬મી મેના દિવસે વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા.

આ શપથ વિધીમાં અન્ય હસ્તીઓની સાથે સાથે સાર્ક દેશોના વરિષ્ઠ નેતા, રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન હાજર રહ્યા હતા. શપથવિધીને લઈને અભૂતપૂર્વ તૈયારી કરવામાં આવી હતી. લોકસભાની યોજાયેલી ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી હતી. ત્યારબાદ શાનદાર શપથવિધી કાર્યક્રમનુ આયોજન કરાયું હતુ.

### દિલ્હીમાં સરકાર રચવાની કવાયત જારી

## દિલ્હી ગૂંચ અંગે રાજનાથ સાથે ઉપાધ્યાયની વિસ્તૃત વાતચીત

### બંધારણ મુજબ જ સરકાર રચવાના પ્રયાસ થશે : ભાજપ પાસે હાલ ૨૯ સભ્યો : બહુમતિ માટે વધુ પાંચની જરૂર

નવીદિલ્હી, તા.૨૦

દિલ્હી ભાજપના પ્રમુખ સતીષ ઉપાધ્યાયે આજે પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહને મળ્યા હતા અને દિલ્હીમાં હાલમાં પ્રવર્તી રહેલી વર્તમાન રાજકીય સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરી હતી. સાથે સાથે દિલ્હીમાં પક્ષના ધારાસભ્યોની ઈચ્છા શું છે તે અંગે રાજનાથસિંહને વાકેફ કરવામાં આવ્યા હતા. ઉપાધ્યાયે એમ પણ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, સાથે મળીને સરકાર રચવાની બાબત કોઈ મોટા પડકાર તરીકે નથી. રાજનાથસિંહ સાથે એક કલાક લાંબી ચર્ચા કર્યા બાદ ઉપાધ્યાયે કહ્યું હતું કે, જો ઉપરાજયપાલ દ્વારા આમંત્રણ આપવામાં આવશે તો સરકારની રચના કરવી જોઈએ કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે. નવા નિમાયેલા દિલ્હી ભાજપના વડાએ કહ્યું હતું કે, સરકારની રચના કરવાના સંદર્ભમાં અમારી પાસે હજુ સુધી કોઈ દરખાસ્ત આવી નથી. બંધારણ મુજબ આગળ વધવામાં આવશે. ભાજપ જરૂરી સંખ્યા મેળવી લેશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, જો સરકાર રચવા માટે આમંત્રણ મળશે તો આ પ્રશ્નનો જવાબ પાર્ટી આપશે. ભાજપને પાંચ વધુ ધારાસભ્યોની વિધાનસભામાં બહુમતિ સાબિત કરવા માટે જરૂર છે. હાલમાં તેના સાથી પક્ષ અકાળી દળના એક ધારાસભ્ય સાથે ભાજપ ૨૯ ધારાસભ્યો ધરાવે છે. ૭૦ સભ્યોની વિધાનસભામાં બહુમતિ સાબિત કરવા પાંચ વધુ ધારાસભ્યોની જરૂર છે. હાલમાં વિધાનસભાનું સંખ્યાબળ ૬૭ છે. ત્રણ ધારાસભ્યો લોકસભા માટે ચૂંટાઈ આવ્યા છે. ભાજપના આંતરિક સુત્રોનું કહેવું છે કે, કોંગ્રેસના ધારાસભ્ય અલગ ગ્રુપની રચના કરીને ભાજપને ટેકો આપવા માટે તૈયાર છે. કોંગ્રેસના પાંચ ધારાસભ્યો ભાજપને ટેકો આપવા ઈચ્છુક છે. જો કે, કોંગ્રેસે આવી કોઈ સ્થિતિ હોવાનો ઈન્કાર કર્યો છે. સૂત્રોનું કહેવું છે કે, ઉપાધ્યાયે નવેસરથી ચૂંટણીને લઈને ધારાસભ્યોના અભિપ્રાય અંગે પણ રાજનાથસિંહને માહિતી આપી હતી.

## ગુજરાત હિંસા ભુલી ગયા પણ મુઝફ્ફરનગર તો યાદ જ હશે : પ્રવિણ તોગડિયા

ઈન્દોર, તા. ૨૦

વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવિણ તોગડિયાએ ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન કરીનો ખળભળાટ મચાવી દીધો છે. પ્રવિણ તોગડિયાએ અમરનાથ શ્રદ્ધાળુઓ ઉપર હુમલા કરનાર લોકોને ખુલ્લી ચેતવણી આપતા કહ્યું છે કે, તેઓ હિન્દુ લોકોના ધૈર્યની પરીક્ષા ન કરે. સાથે સાથે તેમણે એમ પણ કહ્યું છે કે, જમ્મુ કાશ્મીર સરકાર આતંકવાદીઓ સામે કઠોર કાર્યવાહી કરવાથી પીછેહઠ કરી રહી છે. તોગડિયાએ લઘુમતિ સમુદાયના લોકોને ચેતવણીના અંદાજમાં કહ્યું હતું કે, તેઓ ગુજરાતને ભુલી ગયા હશે પરંતુ મુઝફ્ફરનગરને ભુલ્યા નહીં હશે. હિન્દુ નેતાએ કહ્યું હતું કે, હિન્દુ લોકોની સહનશીલતાની કસોટી કરવી યોગ્ય રહેશે નહીં. હિન્દુ સમુદાયના લોકો પણ પથ્થરો ઉઠાવી શકે છે. તોગડિયાએ કહ્યું હતું કે, અમરનાથ શ્રદ્ધાળુઓ ઉપર હુમલાથી મોગલ સામ્રાજ્યની યાદ તાજી થઈ ગઈ છે. તોગડિયાનું કહેવું છે કે, બહુમતિ સમુદાયના લોકોની સહનસીલતાને નબળાઈ સમજવાની ભુલ બિલકુલ કરવામાં ન આવે. જમ્મુ કાશ્મીર સરકાર ઉપર તોગડિયાએ આકરા પ્રહારો કર્યા હતા. હુમલામાં સામેલ લોકોને તરત પકડી પાડવા અને તેમની સામે ફાસ્ટટ્રેક કોર્ટ હેઠળ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. તોગડિયાએ એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારને એક વરિષ્ઠ અધિકારીને સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરવા મોકલવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં અમરનાથ યાત્રાને રોકવાની ફરજ પડી હતી કારણ કે અમરનાથ શ્રદ્ધાળુઓ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. હિંસાનો બનાવ બલતાલ વિસ્તાર નજીક દુમેલ ખાતે



બન્યો હતો. શ્રદ્ધાળુઓ માટે રસોડા ચલાવનાર લોકો અને પવિત્ર યાત્રાધામ સુધી યાત્રીઓને લઈ જતાં લોકો વચ્ચે બોલાચાલી થયા બાદ અથડામણ થઈ હતી. ટુંકાગાળામાં જ મામલો બિચક્યો હતો અને હિંસા શરૂ થઈ ગઈ હતી. જેના લીધે ફરજ બજાવતા સીઆરપીએફના જવાનોને દરમિયાનગીરી કરવી પડી હતી. ૪૦થી વધુ લોકો અથડામણમાં ઘાયલ થયા હતા. કેટલાક લોકોને દાઝી જવાની ઈજા થઈ છે. સીઆરપીએફના જવાનોએ ટેન્ટને આગ ચાંપી દીધી હતી. સુરક્ષા દળોએ આવા આક્ષેપોને રદિયો આપ્યો છે. કેમ્પમાં અથડામણ દરમિયાન ગેસ સિલિન્ડરના લીધે બ્લાસ્ટ થયો હતો જેથી આગ ફાટી નિકળી હતી. દેખાવકારોએ ૧૦ રસોડાને આગ ચાંપી દીધી હતી જેમાં ૧૨ જવાનોને ઈજા થઈ હતી. સાવચેતીના પગલારુપે યાત્રાને રોકવામાં આવી હતી. પ્રવિણ તોગડિયા દ્વારા કરવામાં આવેલા નિવેદનમાં ઘેરા પ્રત્યાઘાત પડી શકે છે. હજુ સુધી ભાજપ તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

## તમિળનાડુમાં પણ એમ્સ સ્થાપવા મોદીને અપીલ

ચેન્નાઈ, તા. ૨૦

તમિળનાડુના મુખ્યમંત્રી જે જયલલિતાએ વર્તમાન નાણાંકીય વર્ષમાં રાજ્યમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સની સ્થાપના કરવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી છે. મોદી સરકારે તમામ રાજ્યોમાં તબક્કાવારરીતે એમ્સની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. આ પહેલ માટે વડાપ્રધાનનો આભાર માનતા જયલલિતાએ કહ્યું છે કે, પ્રથમ તબક્કામાં એમ્સની રચના તમિળનાડુમાં પણ કરવામાં આવે તે જરૂરી છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, કેન્દ્રીય આરોગ્યપ્રધાન તરફથી તેમને પત્ર મળ્યો છે જેમાં રાજ્યમાં નવા એમ્સની રચના કરવા માટે ચાર યોગ્ય વૈકલ્પિક સ્થળોની પસંદગી કરવા રાજ્ય સરકારને વિનંતી કરી છે. જયલલિતાએ કહ્યું છે કે, રાજ્ય સરકારે જુદા જુદા સ્થળોમાં જરૂરી જમીનની પહેલીથી જ ઓળખ કરી લેવામાં આવી છે. તમામ પાંચ સ્થળો ઉપર પુરતા પ્રમાણમાં પાણી અને વિજળીની સુવિધા છે. જયલલિતાનું કહેવું છે કે, તેઓ નરેન્દ્ર મોદીને પત્ર લખી ચુક્યા છે. રાજ્ય સરકાર દ્વારા શક્યતા ચકાસવામાં આવી રહી છે.

## આધાર સંબંધિત ડીબીટી સ્કીમ ફરીવખત શરૂ કરવા વિચારણા

નવીદિલ્હી, તા.૨૦

સરકાર આધાર સંબંધિત બેંક ખાતાઓમાં સીધીરીતે નાણા ટ્રાન્સફર કરવાની ડીબીટી સ્કીમ ફરી શરૂ કરવા ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. ભૂતિયા લાભ મેળવનાર લોકોને દૂર કરવાના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવનાર છે. સૂત્રોએ કહ્યું છે કે, સરકાર આધાર સંબંધિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) સ્કીમ શરૂ કરવા માટે કમરકસી લીધી છે. આ હિલચાલ સ્કીમને અસરકારકરીતે અમલી બનાવવા માટે હાથ ધરવામાં આવી છે. આયોજન પંચ અને યુઆઈડીએઆઈ જે આધાર પ્રોજેક્ટને અમલી બનાવે છે તે બંને સાથે મળીને આધાર સંબંધિત ડીબીટી સ્કીમ ઉપર રિપોર્ટ તૈયાર કરવામાં વ્યસ્ત છે. સૂત્રોના કહેવા મુજબ યુઆઈડીએઆઈ અને આયોજન પંચના વરિષ્ઠ અધિકારીઓ આધાર સ્થિત સ્કીમની અસરકારકતામાં અભ્યાસ કરવા દેશભરના ૩૦૦ જિલ્લાઓની મુલાકાત લઈ રહ્યા છે. ૧૫મી ઓગસ્ટ પહેલા આ ૩૦૦ જિલ્લાઓમાં આધાર આધારિત ડીબીટી અંગે અહેવાલ તૈયાર કરવા અને સુપરત કરવા આયોજન પંચને સૂચના આપી દેવામાં આવી છે. ૩૦મી જાન્યુઆરીના દિવસે યુપીએ સરકારે મહત્વકાંક્ષી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ફોર એલપીજી સ્કીમને સસ્પેન્ડ કરી દીધી હતી. આ સ્કીમમાં ૧૮ રાજ્યોમાં ૨૮૯ જિલ્લાઓમાં લોકોને માર્કેટ રેટ ઉપર રાંધણગેસની ખરીદી કરવા બદલ તેમના બેંક ખાતામાં ૪૩૫ રૂપિયા જમા કરવામાં આવી રહ્યા હતા. શ્રેણીબદ્ધ ફરિયાદો આ સંદર્ભમાં મળ્યા બાદ ડીબીટી સ્કીમને બંધ કરવાનો નિર્ણય અગાઉની યુપીએ સરકારે કર્યો હતો. આને લઈને સુપ્રીમ કોર્ટમાં પણ મામલો પહોંચ્યો હતો. યુઆઈડીએઆઈ બિલને વૈધાનિક દરજ્જો આપવાની હિલચાલ હાથ ધરાઈ હતી. કરોડો લોકોને આધાર નંબર આપી દેવામાં આવ્યા હતા પરંતુ ઘણી દુવિધાઓના લીધે જટિલ સમસ્યાઓ ઉભી થઈ હતી. ડીબીટીએલ સ્કીમને લઈને પક્ષોમાં પણ ખેંચતાણ રહી હતી.




**બળાત્કારના વિરોધમાં બેંગ્લુરૂ ખાતે પ્રદર્શન**

દેશમાં વધતા જતા બળાત્કારના બનાવોથી નાગરિકોમાં ઘેરી નિરાશા ફેલાઈ રહી છે. તાજેતરમાં જ માત્ર છ વર્ષની માસુમ બાળા પર ગુજારાયેલા જઘન્ય બળાત્કારના વિરોદમાં બેંગ્લુરૂ ખાતે પબ્લીક સ્કૂલ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં મહિલાઓની આંખોમાં રહેલો રોષ સ્પષ્ટ જણાઈ આવતો હતો.

## સમાચાર ઝલક

- એમ.આઈ.ડી.ના અભ્યાસક્રમ બાદ ડીગ્રી મળે તે માટે કેન્દ્ર સરકારે મંજુરી આપી.
- અભિનેતા મહેશ કનોડિયાની તબિયત લથડી હોસ્પિટલમાં સારવાર હેઠળ.
- બી.એસ.સી.ના ૫૪૦૦૦ વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરાઈ
- અમદાવાદ રેલવે પોલીસે ૧૫ કિલો ચરસ પકડી પાડયો.
- આજે શ્રાવણી સોમવારે કાવડિયાઓ પર આતંકવાદીઓનો ડોળો.
- અફઘાનિસ્તાનથી ભારતમાં ડુંગળીની આયાત કરાઈ.
- વોશિંગ્ટનના જંગલોમાં આગથી હજારો બેઘર બન્યા.
- કીમ-કોસંબા વચ્ચેના પુલમાં તિરાડો. પુલને નુકશાન. મુંબઈ હાઈવે સંકળાયેલ છે.
- જમ્મુ-કાશ્મીરમાં વર્ષો જુના કોંગ્રેસના જોડાણ તૂટયા.
- ફિલ્મ અભિનેતા ઋત્વિક રોશન મુંબઈની લોટસ ઈમારતમાં મૃત્યુ પામેલાઓને આર્થિક મદદ કરશે.
- ભરૂચ પાસે અકસ્માતમાં ૪ નાં મોત ૧૦ ને ઈજા.
- જામનગરમાં ૧૩ મંદિરોમાં ચોરી કરતું દંપતી પકડાયું.
- જુનાગઢ મનપા ચૂંટણીમાં ૪ કર્મચારીઓને બેદરકારી બદલ હટાવાયા.
- અમરનાથની યાત્રામાં ૮૦૦ ગુજરાતીઓ મુશ્કેલમાં.

## પ્રિયંકા ચોપડા હાલમાં ખૂબ જ વ્યસ્ત

મુંબઈ,તા. ૨૦

અતિ વ્યસ્ત કાર્યક્રમના કારણે લોકપ્રિય અભિનેત્રી પ્રિયંકા ચોપડા કાર્યક્રમમાં નજેર પડી રહી નથી. પ્રિયંકા હાલમાં પોતાના નવા પ્રોજકેટને લઈને વ્યસ્ત બનેલી છે. તેની મેરી કોમની લાઈફ પર ફિલ્મ હાલ બની રહી છે. જે ટુંક સમયમાં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મમાં તે મેરિકોમની



બોક્સરની ભૂમિકા અદા કરી રહી છે. તાજેતરના સમયમાં સ્પોર્ટસ સ્ટાર પર ફિલ્મો બની રહી છે. જે સારી સફળતા મેળવી રહી છે. અગાઉ ભાગ મિલખા ભાગ ભની હતી. જે સુપર હિટ રહી હતી. હવે ભૂતપૂર્વ ક્રિકેટર અઝહર અને બેડમિન્ટનની સ્ટાર ખેલાડી સાઈના નહેવાલ પર પણ ફિલ્મ બની રહી છે. આ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યા છે. ટુંક સમયમાં અંતિમ નિર્ણય કરવામાં આવનાર છે. પ્રિયંકા બોલિવુડમાં તમામ મોટા સ્ટાર સાથે કામ કરી ચુકી છે. જેમાં અજય કુમાર, સલમાન ખાન અને શાહરૂખ ખાનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેની બર્ફીમાં શાનદાર એક્ટિંગની નોંધ લેવામાં આવી હતી તે કેટલાક એવોર્ડ જીતી ગઈ હતી. હાલમાં તે મેરીકોમને લઈને વ્યસ્ત છે.

## ગાઝામાં ઈઝરાયેલ દ્વારા વધુ હવાઈ હુમલા : મૃતાંક ૩૬૦

ગાઝા, તા.૨૦

ઇઝરાયેલે હવાઇ હુમલાનો દોર જારી રાખ્યો છે. આજે સવારે ગાઝામાં કરવામાં આવેલા હુમલામાંઓછામાં ઓચા ૧૨ લોકોના મોત થતા મોતનો આંકડો વધીને હવે ૩૬૦ પણ ઉપર પહોંચી ગયો છે. છેલ્લા કેટલાક વર્ષોથી રક્તપાત પૈકી સૌથી ભીષણ રક્તપાતનો દોર હાલ ચાલી રહ્યો છે. હુમલાનો દોર આજે ૧૩મા દિવસે જારી રહ્યો હતો. પેલેસ્ટેનિયન પ્રદેશમાં કેટલાક વિસ્તારને ટાર્ગેટ બનાવી હુમલા કરાઇ રહ્યા છે. હુમલામાં હજુ સુધી ૨૪૦૦ પેલેસ્ટિનયનો ઘાયલ થયા છે. ઈઝરાયેલ દ્વારા છેલ્લા કેટલાક દિવસથી હવાઈ હુમલા કરાઈ રહ્યા હતા પરંતુ હુમલાઓના દોર વચ્ચે આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી દબાણને ધ્યાનમાં લઈને યુદ્ધ વિરામની જાહેરાત કલાકો માટે કરાઈ હતી. દક્ષિણી ગાઝા પટ્ટી સરહદ નજીક આ હુમલા થયા હતા. ઈઝરાયેલ દ્વારા ઓપરેશન પ્રોટેક્ટીવ આઠ જુલાઈના દિવસે શરૂ થયું હતું. ગાઝાના ત્રાસવાદીઓ દ્વારા રોકેટ હુમલાઓને બંધ કરવા આ દોર શરૂ થયો હતો. આઠમી જુલાઈ બાદથી ૩૬૦થી વધુ પેલેસ્ટીનીયનો માર્યા ગયા છે. જેમાં મહિલાઓ અને બાળકો સામેલ છે.

ઈઝરાયેલે ગાઝામાં ૧૭૫૦ જેટલા રોકેટ હુમલા કર્યા છે જેમાં મોટાભાગે હવાઈ હુમલાઓ કરાયા છે. બીજી બાજુ ત્રાસવાદીઓએ ૧૪૦૦ રોકેટ ઝિંક્યા છે. જે પૈકીના ૧૦૪૮ યહુદી વિસ્તારમાં પડ્યા છે. નવેસરના હુમલાઓમાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે.આજે ૧૩માં દિવસે હુમલાની સાથે જ મોતનો આંકડો પેલેસ્ટિયનોના પક્ષે વધીને ૩૫૫ થઇ ગયો છે. જ્યારે ઓપરેશનની શરૂઆત થયા બાદથી પાંચ ઇઝરાયેલીના પણ મોત થયા છે. રાફહામાં હવાઇ હુમલા કરવામાં આવતા તેમા ત્રણના મોત થયા છે. અમેરિકા સહિતના દેશો જોરદાર દબાણ યુદ્ધવિરામ માટે કરી રહ્યા હોવા છતાં ઇઝરાયેલે છેલ્લા ૧૩ દિવસથી હુમલા જારી રાખ્યા છે. ગાઝાના આરોગ્ય પ્રધાને કહ્યું છે કે ઇઝરાયેલે સમાન્ય લોકોને ટાર્ગેટ બનાવ્યા છે. જાન્યુઆરી વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી મોટુ ઓપરેશન ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૦૯માં ૨૨ દિવસ સુધી ઓપરેશન ચાલ્યું હતુ.